# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

શ્રી રાજે હોય કે યેદ્દી, ખત્તા ખાઇ જાય છે,
અનિર્ણાયક નેતૃત્વ, નેતા ખાઇ જાય છે,
ચિત્તા ખાઇ જાય છે ચૂંથી ચૂંથી લોકશાહી -
અને ભાજપાના શિસ્તની મત્તા ખાઇ જાય છે..
(રાજસ્થાનમાં ઉથપપાથલ?!)

## હાઇકુ

પ્રણવ પ્રતિ
પ્રાદેસિક બળનું
નમે છાબડું
(રાષ્ટ્રપતિ પદ)

પૈસા 'ખાતર'-
હરિયાળી ક્રાંતિમાં,
ઉગશે 'મત'
(કૃષિ મેળા શરૂ)

## ચિંતન

**લોભઃ પ્રતિષ્ઠિતા પાપસ્ય પ્રસૂતિ લોભ એવચ ।**
**દ્વેષ-ક્રોધાદિ-જનકો લોભઃ પાપસ્ય કારણમ્ ॥**

લોભ એ પાપનું સ્થાન છે લોભ પાપને જન્મ પણ આપે છે, લોભ થકી દ્વેષ અને દ્વેષ દ્વારા ક્રોધ ઉત્પન્ન થાય છે તેથી જ લોભ એ પાપનું કારણ પણ બને છે.'

લોભ એ પાપનું કારણ બને છે ધન-સંપત્તિ-જમીન પડાવી લેવા માટે ભાઇ-ભાઇના, પિતા-પુત્રો અને માતા-બહેનના હક્ક દબાવી કરોડ-પતિ લોભી-અન્યાય કરતાં અચકાતો નથી, પૈસાના લોભમાં પુત્ર એ પિતા-માતા-દાદી-નાનીના ખૂબ કર્યાં હોય, કામ કરનાર રામાઓ જે પુત્રની જેમ પાળતા સાચવતા વૃધ્ધ જનને મારી નાખી ઘરનું તમામ ધન લૂંટી જાય છે. લોભને કારણે આમ પાપવૃત્તિ જન્મે છે.

લોભને કારણે બીજાનું પડાવી લેવા કે દબાવી લેવાની વૃત્તિથી દ્વેષ જન્મે છે અને પરિણામે પોતાના જ પરિવારને સ્નેહી-સંબંધી સાથે છેતરપીંડી કરવા માટે દ્વેષભાવ પેદા કરવો પડે છે અને દ્વેષ પેદા થાય એટલે ક્રોધ જન્મે છે.

ક્રોધમાં માનવી વગર વિચાર્યે નિર્ણય લેતો હોય છે પરિણામે ક્રૂર-અન્યાયી અને અનીતિ ભર્યા નિર્ણય થાય છે, આમ ક્રોધ પરિણામ - પાપ સુધી પતનની ખીણમાં દોરી જાય છે.

## સુવિચાર

- આ જીવનમાં કોયડાઓ, દ્વંદ્વો, દુઃખો અને આનંદી છે આ બધામાં કશાની પણ પસંદગી વિના, કશાથી બંધાયા વિના સંવેદનશીલ જાગૃત રહેવું એ બુધ્ધિપ્રભા, જીવનની સમગ્રતા વિશે સંવેદનશીલ જાગૃતિ એ બુધ્ધિપ્રભા છે - **જે. કૃષ્ણમૂર્તિ**
- સર્વથા ક્ષમાશીલ, સત્ય પરાયણ, હર્ષ-ભય-દુઃખ-ક્રોધથી પર એ વિદ્વાન ધૃતિ પ્રાપ્ત કરે છે, સુખ-દુઃખમાં જે તટસ્થ રહે અને વિકૃતિ ન આવે તે ગુણ તે ધૃતિ - **વેદવ્યાસ**
- ભૂખમરો અને યાતનાઓના મૂળ અજ્ઞાનમાં છે તેથી અન્નની મદદ કરવા કરતાં અજ્ઞાનીને વિચાર આપવાની મોટી મદદ છે - **આલ્કિનીઓ**
- ઇશ્વર જ્ઞાન સ્વરૂપ અને પ્રેમ સ્વરૂપ પણ છે તમે જેટલા વધારે જ્ઞાની એટલા ઇશ્વરની વધારે નજીક - **એની બિસેન્ટ**
- ખરાબ પુસ્તક વાંચવા એ ઝેર પીવા બરાબર છે - **ટોલ્સટોય**
- પુસ્તકાલયમાં કબાટ ભર્યાં હોય કે મગજમાં વાચન ભર્યું હોય જો એ આચરણમાં ન મૂકાય તો સરખું જ છે, ગધેડાંની પીઠે ચંદનના લાકડાં હોય છતાં એને સુવાસ કે શીતળતા કંઇ જ સ્પર્શતું નથી- **ચંદ્રપ્રભા સાગરજી**

## બોધકથા

આજે તો આપણે વાત-વાતમાં, ડગલે ને પગલે ગોળી-ઇન્જેકશન લેતાં ફરીએ છીએ અને બિલાડીને કાઢવા કૂતરાં વસાવીએ છીએ. દવાના રિએકશન અને પછી એની દવા! ખરેખર તો ભારતની ભૂમિ પર અકસીર ઇલાજની વનસ્પતિઓ પથરાઇ પડી છે, તેને જાણકાર શાસ્ત્રીઓની જરૂર છે. કચ્છના જયકૃષ્ણ ઇંદરજી એવા નિષ્ણાત વનસ્પતિ શાસ્ત્રી હતા.

'હમ દિલ દે ચૂકે સનમ' - ફિલ્મમાં માંડવીને કાંઠે 'વિજય વિલાસ' નામના કચ્છા મહારાવના મહેલના ઘણાં દૃશ્યો છે એ મહેલ બનાવતા હતા ત્યારે એ દરિયાકાંઠાની રેતી અને ભીની માટીને કારણે ઇજનેરોએ મજબૂત મહેલના પાયા વિશે શંકાઓ ઊભી કરી..

મહારાવે વનસ્પતિ શાસ્ત્રી જયકૃષ્ણ ઇંદરજીને બોલાવ્યા અને વાતવાતમાં મુશ્કેલી કહી, જયકૃષ્ણની સલાહ મુજબ પાયામાં દરિયાઇ એક એવી વનસ્પતિ ઉગાડવાની સલાહ આપી કે જેનાથી એ દરિયાકિનારાની જમીન ખડક-શિલા જેવી મજબૂત અને ઘટ થઇ ગઇ. આજે પણ એ મહેલ અડીખમ ઊભો છે..

કચ્છ રાજવૈદ્ય જયકૃષ્ણ ઇંદરજી નિવૃત્ત થયા પછી મફ્ત સેવા આપી વનસ્પતિથી ઉપચાર કરતા હતા.

# ઘર સે મસ્જિદ હે બહોત દૂર ચલો યૂં કર લે... કિસી રોતે હુએ બચ્ચે કો હસાયા જાએ...

## વિચાર યાત્રા

- જય ઓઝા

હમણાં થોડા સમય પહેલાં જ એક પ્રસંગ બન્યો, એક મિત્ર સાથે અમદાવાદ જઇ રહ્યો હતો, ત્યારે 'ગ' રોડ ઉપર એક વૃધ્ધની આસપાસ અર્ધનગ્ન, ચીથરેહાલ, લાગતા નાના ભૂલકાઓનું ટોળું ઊભું હતું. અને દાદા તેમને કશુંક આપતા હતા... અમે કુતૂહલવશ ગાડી ઊભી રાખી, અને તેમને મળવા ગયા... તો જોયું કે દાદા તે છોકરાઓને પીપરમીંટ વહેંચતા હતા. કદાચ નિદા ફાઝલીના શબ્દો તેમણે બરાબર ગળે ઉતાર્યા હતા...

'ઘર સે મસ્જિદ હૈં બહોત દૂર ચલોં યૂ કર લે...
કિસી રોતે હુએ બચ્ચે કો હસાયા જાયેં'

વધારે પૃચ્છા કરતા ખબર પડી કે તેઓ નિવૃત્ત અધિકારી હતા... અને ફક્ત પીપરમીંટ જ નહીં, બીજા ખભે જે થેલો હતો તેમા લોટ હતો...કીડીયારું પૂરવા માટે... આમ કરવાનો દાદાનો રોજનો ક્રમ હતો... ૧૫ મિનિટ અમે તેમની સાથે ગાળી, તેમની વિશે, તેમના છોકરાઓ વિશે વિગતે વાત કરી અમારો પરિચય આપ્યો અને છૂટા પડયા...

એક વાર નર્મદા કેનાલ ઉપરથી પસાર થતી વખતે જોયું કે ભાઇ સ્કૂટરને પુષ્કળ કીક મારી રહ્યા છે, પણ સ્કૂટર ચાલુ થતું નથી... આમ તો જવાની ઉતાવળ હતી... છતાં મન ન માન્યું એટલે વળી પાછા આવીને તેમને પૂછ્યું કે, ભાઇ શું થયું છે? પેટ્રોલ ખૂટી ગયું? પ્લગમાં કચરો છે? ચાલો ધક્કો મારીને સ્કૂટર પેટ્રોલપંપ સુધી પહોંચાડી દઇએ... ત્યાં તો જાણે સ્કૂટર પણ માનવતાની કસોટી કરવા માટે જ ઊભું હોય તેમ ફક્ત મદદની વાત કરી ત્યાં તો ચાલું થઇ ગયું...

**'આપવા' નો અર્થ ફક્ત કોઇ વસ્તુ આપવા પૂરતો નથી, મધુર સ્મિત, પ્રેમાળ વાણી - એ પણ એક જાતનું દાન જ છે**

ઉપરના બંને પ્રસંગોમાં જોઇએ તો વિશેષ કંઇ જ નથી... આપણામાનો દરેક વ્યક્તિ આ કરી શકે તેમ છે.

પ્રથમ પ્રસંગમાં ૭૫ વર્ષના વૃધ્ધને જયારે તેમના ઉમદા કાર્ય માટે અમે અભિનંદન આપીને બિરદાવ્યા ત્યારે તેઓ ગદ્ગદ્ થઇ ગયા. અને જાણે કોઇ સંસ્થા તરફથી બહુમાન કરવામાં આવ્યું હોય તેવી લાગણી, તેવા ભાવ તેમના મુખ પર જોવા મળ્યા. વિશેષ કોઇ ખર્ચ આ કામ કરવામાં નહોતો થયો, હા! થોડો સમય જ ખર્ચાયો હતો.

બીજા પ્રસંગમાં સૂમસામ રોડ પર કીક મારી - મારીને થાકી ગયેલ વ્યક્તિ, ભરબપોરે પરસેવે રેબઝેબ થઇ ગઇ હોય, ટાંટીયાની કઢી થઇ ગઇ હોય ત્યારે, કોઇ પૂછે કે કેમ ભાઇ શું થયું છે? કાંઇ મદદ કરું? સાક્ષાત્ ભગવાન મળ્યા હોય તેવું લાગે... સામેનો વ્યક્તિ જે મુશ્કેલીનો સામનો કરી રહ્યો છે... તેની જગ્યાએ તમારી જાતને મૂકી દો... તેની મુશ્કેલી તરત જ સમજમાં આવી જશે... આમાં પણ શું ખર્ચાયું આપણું? પૈસાનો વ્યય તો થયો નથીજેની ગણતરી ઉપર અત્યારે તમે અને હું ચાલીએ છીએ... હા! બગાડ થયો તો થોડો સમય નો.

જરા ઊંડાણથી વિચારીએ તો વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે આવી રીતે નિકટ આવવાના પ્રસંગ બને છે તે સમાજ જીવન માટે મહત્ત્વનાં છે... પરંતુ આપણે આપણા વર્તુળમાંથી બહાર નીકળતા જ નથી... ઇન મીન તીન અને બહુ-બહુ તો બાજુવાળા રમેશભાઇને ઓળખીએ... ખલીલ ધનતેજવીએ સાચું જ કહ્યું છે -

લોક પાડોશીને પણ ના ઓળખે!
એ જ ખૂબી છે બિરાદર શહેરમાં
રાખજે ખિસ્સામાં સરનામું ખલીલ
છે અકસ્માતો ભયંકર શહેરમાં...

કોઇક વખત ઉપરના બે પ્રસંગો જેવું કોઇ કાર્ય કરી જોઇએ ત્યારે જે અનુભવ થાય તે અતુલનીય હોય છે... જયારે સામા વ્યક્તિ આવે સંવાદ કરતા હોઇએ ત્યારે એને જે સંતોષ મળે છે, જે આનંદ પ્રાપ્ત થાય છે, તેમના એ સંતોષ અને આનંદ જ આપણને આનંદિત બનાવે છે...

(અનુસંધાન પાના નં. ૭ પર)

# બાળક પર સંસ્કારની પ્રક્રિયા તેની ગર્ભસ્થ સ્થિતિમાંથી જ શરૂ થઇ જતી હોય છે, માતાની પ્રત્યેક હિલચાલ, તેનું ચિંતન, એનો વ્યવહાર બાળક પર અસર કરે છે

## ઘરને વિદ્યાતીર્થ બનાવો

- હર્ષદ પ્ર. શાહ

વ્યક્તિ અને રાષ્ટ્રને જોડનારી કડી એટલે ઘર. જેવું ઘર તેવો વ્યક્તિ અને જેવો વ્યક્તિ તેવું રાષ્ટ્ર. પ્રત્યેક વ્યક્તિનો વ્યવહાર રાષ્ટ્રજીવનને અસરકર્તા છે. શિશુકાળથી જ પરિવારમાં જો શિશુની યોગ્ય કાળજી લેવાય અને એનો સારો ઉછેર થાય તો એ મોટો થતાં સારો વ્યક્તિ બને છે.

મહર્ષિ ધૌમ્ય 'શિશુનિર્માણ' ની વાત કરતાં કહે છે -

બાલો ચોડધતનઃ સઃ વૈ ભવિતા રાષ્ટ્રનાયકઃ।
સમાજગ્રામણીર્વૃક્ષા ભવન્ત્યેવ યથાક્ષુપાઃ॥
કુશલા અતએવાત્ર માલાકાશ વિશેષતઃ।
ક્ષુપાળાં રક્ષણે ધ્યાનં દદત્યાવશ્યકે વિધૌ॥

અર્થાત આજનો બાળક આવતીકાલનો સમાજ સંચાલક અને રાષ્ટ્રનેતા બનશે. નાનાં છોડવા જ વિશાળ વૃક્ષો બનેછે. તેથી કુશળ માળી નાના છોડની જરૂરિયાત તથા સુરક્ષા પર પૂરતું ધ્યાન આપે છે.

આવો સમાજ માળી ખાતર-પાણીની કસર પડવા દેવો નથી. પશુઓ એમને નષ્ટ ન કરી નાખે એનું પૂરતું ધ્યાન રાખે છે. ગૃહસ્થો એ માળીની જેમ જાગ્રત રહેવું જોઈએ તથા ઘરરૂપી બાગમાં બાળકોને સુરમ્ય છોડ જેવા ગણવાં જોઈએ.

કુટુંબ એક ફૂલવાડી સમાને છે. એમાં બાળકો રૂપી પુષ્પોનો વિકાસ થાય છે... જેમાં પોતાની સુગંધથી સમગ્ર વાતાવણને આહ્લાદક બનાવી દે છે.

પરિવાર સમાજનો એકમ છે. રાષ્ટ્રના ભાવિ નાગરિકો પરિવારરૂપી ખાણમાંથી જ નીકળે છે, તથા પોતાની પ્રતિભા દ્વારા આખા સમાજના ઉત્થાનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. પરિવારમાં બાળકો નાનાં છોડ જેવાં હોય છે તથા માતાપિતાએ માળીની ભૂમિકા નિભાવવાની હોય છે. છોડ વૃક્ષ બને ત્યાં સુધીમાં ઘણાં ઉપચાર કરવા પડે છે. આ કાર્ય કુશળ માળી જ કરી શકે છે.

બાળકના વિકાસમાં જો કોઇ ત્રુટિ રહી જાય તો તેનો બધો દોષ માતા-પિતાના માથે જાય છે. આથી બાળકોને જન્મ આપવા કરતાં પણ વધારે જાગરૂક રહીને એમના વિકાસ પર માતા-પિતાએ પૂરતું ધ્યાન આપવું જોઈએ.

ઘર એ સંસ્કારધામ છે. ઘરનાં સંસ્કારોનો પ્રભાવ દરેક બાળક પર પડ્યા વિના રહેતો નથી. નાની નાની વાતોની અસર બાળક પર થતી હોય છે. બાળક પર સંસ્કારની પ્રક્રિયા તેની ગર્ભસ્થ સ્થિતિમાંથી જ શરૂ થઈ જતી હોય છે. માતાની પ્રત્યેક હિલચાલ, તેનું ચિંતન, એનો વ્યવહાર બાળક પર અસર કરે છે.

એક સ્ત્રી શિકાગોનાં પ્રસિધ્ધ શિક્ષણશાસ્ત્રી ફ્રાન્સીસ વેલેન્ડ પાર્કરની પાસે ગઈ અને પૂછ્યું, 'હું મારા છોકરાને શિક્ષણ આપવાની શરૂઆત કયારે કરું?'

પાર્કરે પૂછ્યું, 'આપના બાળકનો જન્મ કયારે થશે?'

પેલી સ્ત્રીએ કહ્યું, 'તે તો પાંચ વર્ષનો થઈ ગયો છે.'

આ સાંભળી પાર્કરે કહ્યું, 'બહેન! ક્ષમા કરજો. હવે પૂછવાથી શો ફાયદો?' શિક્ષણ આપવાનો સર્વોત્તમ સમય તો પાંચ વર્ષ સુધી જ હોય છે. આપે તે નકામો ગુમાવી દીધો. જો આપે એના જન્મ પહેલાં જ એના શિક્ષણની વ્યવસ્થા કરી હોત તો અત્યાર સુધીમાં તો તે એક સુયોગ્ય નાગરિકની લઘુ આવૃત્તિ તરીકે વિકસિત થઈ ગયો હોત!'

બાળકોના સર્વાંગી વિકાસ માટે શરૂઆતથી જ ધ્યાન આપવું જોઈએ. સમય વીતી ગયા પછી માથું કૂટવું પડે છે અને પસ્તાવું પડે છે.

સુજાતાના ગર્ભમાં બાળક હતું. પિતા ઉદ્દાલકને એણે અશુધ્ધ વેદપાઠ કરતાં સાંભળ્યા. તેથી ગર્ભમાં રહ્યે રહ્યે એમની ભૂલ સુધારી. પિતાને આમાં અપમાન લાગ્યું. તેથી એમણે શ્રાપ આપ્યો કે તારાં આઠ અંગો વાંકા-ચૂકાં હશે. આથી એ બાળક અષ્ટાવક્ર તરીકે સ્થિતિમાં જન્મ્યા. પણ એમનામાં અસાધારણ વિદ્વતા હતી.

(અનુસંધાન પાના નં. ૭ પર)

# લાંબા વેકશનની મધુર પળો સમજપૂર્વક વ્યતિત કરવા આયોજનબધ્ધ કાર્યક્રમ બનાવો જેથી આનંદની સાથે જીવન ઘડતરનો પાઠ પાકો કરી શકાય

## લાગણીનો મેળો

- રસિક આર. વાળંદ 'નિર્ઝર'

જો એનો લાભ લેતાં આવડે તો શ્રેષ્ઠ મોકો છે,

જવાની જિંદગાનીનો બહુ સુંદર તબક્કો છે!

શાળા-મહાશાળાઓની પરીક્ષાઓ પૂરી થતાંવેંત વિદ્યાર્થીઓને હાશકારો થઈ જાય છે. વેકેશન પડતાંની સાથે સૌ કોઈ આકાશીભાર ઉતાર્યાની નિરાંત અનુભવે છે. સાવ હળવાફૂલ થઈ આગવી મસ્તીમાં ચકચૂર બાળકો-કિશોરો-યુવાનો ઠેર-ઠેર વિહરે છે. એક સમયે વેકેશનો સમય માત્ર હરવા-ફરવાનો, ખેલવા-કૂદવામાં પસાર થતો હતો, જયારે સાંપ્રત સમયમાં પાશ્ચાત્ય દેશોના રંગે રંગાઈને આજનો વિદ્યાર્થી વર્ગ વેકેશનના સદુપયોગ તરફ ઢળવા લાગ્યો છે. નવું નવું શીખવાની - હસ્તગત કરવાની ધગશ યુવક-યુવતીઓમાં જોવા મળે છે. ચારેકોર ટૂંકા ગાળામાં લોભામણી જાહેરાતો આપી કમાણી કરવા મથતા લેભાગુ કોર્સીસ સંચાલકોનો પણ રાફડો ફાટે છે. શિક્ષિત મા-બાપ પોતાના દીકરા-દીકરીને ઉનાળુ વેકેશનનો મહત્તમ લાભ મળી રહે તે માટે પૈસાનું પાણી કરી વેકેશન કોર્સીસમાં દાખલ કરી ઉતાવળે-ઉતાવળે જ્ઞાન હસ્તગત કરવા મથતાં જોવા મળે છે.

વેકેશનના ફુરસદી સમયમાં મા-બાપે પોતાના બાળકને ઉમદા તકો પૂરી પાડવી જોઈએ જેથી પોતાનુ બાળક નિરર્થક પ્રવૃત્તિમાં સપડાઇ દૂષણોનો ભોગ ન બને કે, શિક્ષણથી વિમુખ ન બને એવા પરિબળોનાં સંસર્ગમાં પણ ન આવે એ ખાસ ખ્યાલ રાખવો જોઈએ. આજે તો કેલીગ્રાફી (અક્ષર સુધારણા) થી માંડીને બ્યુટી થેરાપી - કલર થેરાપી શીખવા સુધીના તાલીમવર્ગો ચાલે છે, અવનવા હુન્નર શીખવવાના વર્ગો પણ સમય ગાળામાં શરૂ થતાં હોય છે. ઘણા યુવક-યુવતીઓ તો મિત્ર વર્તુળના ગાડરિયા પ્રવાહમાં તણાઈને માત્ર ટાઈમપાસ માટે વર્ગોમાં જોડાતા હોય છે.

વર્ગ સંચાલકોની નજર 'તગડી ફી' તરફ હોય છે. પરિણામે બે-ચાર સપ્તાહમાં ટૂંકા વર્ગોમાં જોડાનાર વિદ્યાર્થી જો તેનો મહાવરો વર્ષભર ન રાખે તો કશું જ ન મેળવી શકે. ધારો કે ઈંગ્લીશ સ્પીકિંગ કૉર્સ કરે કે પછી કૉમ્પ્યુટરનો કોર્સ કરે પરંતુ જો તેનો સતત મહાવરો ન કરવામાં આવે તો બધું જ પથ્થર પર પાણી... મિત્રો... કોઈ પણ ટૂંકા ગાળાનો કોર્સ કરો ત્યારે તેની પ્રેક્ટિસ ચાલુ રાખવી હિતાવહ છે. સાથે આવા કોર્સીસમાં માનસિક સજ્જતા સાથે દીર્ઘકાલીન કૉર્સની પણ ગંભીરતા કેળવી જોડાવું જોઈએ. આજના કૉમ્પ્યુટરના પ્રચાર અને પ્રસારને પરિણામે મા-બાપે પોતાનું બાળક કૉમ્પ્યુટર શીખે એમ ઈચ્છે છે. પરંતુ આવા ટૂંકાગાળાના વર્ગોમાં જોડાયા પછી ઘરે કે અન્યત્ર તેની પ્રેક્ટીસ માટે કૉમ્પ્યુટર હાથવગું ન હોય તો તે કોર્સ કેટલા અંશે સાર્થક નીવડે?!

પ્રાશ્ચાત્ય દેશોમાં તો યુવક-યુવતીઓ શિક્ષણ સિવાયના ફાજલ સમયમાં નાનું મોટું કોઈને કોઈ કામ કરીને પોતાનું શિક્ષણ ખર્ચ, ખિસ્સા ખર્ચ આપમેળે કમાઈ લે છે, તેઓ મા-બાપ કે કુટુંબને બોજ રૂપ બનતા નથી. તેઓ કોઈ પણ કામ કરવામાં નાનમ કે શરમ-સંકોચ પણ અનુભવતા નથી જયારે આપણે ત્યાં 'વ્હાઈટ કૉલર' ની માનસિકતા છવાયેલી રહે છ.

રચનાત્મક-સર્જનાત્મક પ્રવૃત્તિ કે ઉદ્યમ ઓછો જોવા મળે છે. માત્ર ગરીબ કે આર્થિક રીતે સાધારણ વર્ગ પગભર થવા મથે છે. બાકી મધ્યમ અને ઉચ્ચ વર્ગના નબીરાઓ અહીં તહીં ભટકી સમય અને નાણાંનો વ્યય કરતાં જોવા મળે છે. સાધન સંપન્ન વર્ગ આળસ મોજશોખમાં જ પતાનો સમય વેડફે છે.

દોસ્તો! વેકેશનનો ઉમદા સમય એળે ન જાય. મોજમસ્તીની સાથે આગામી શૈક્ષણિક વર્ષના પાઠ્યપુસ્તકો મેળવી ભણવાનું શરૂ કરો. વેકેશનના સોનેરી સમયમાં જે કંઈ શીખો તે તમારા શૈક્ષણિક અભ્યાસમાં પણ પૂરક બને, કેટલાયે યુવક-યુવતીઓ ગરીબી સામાજિક પ્રતિકૂળતામાં અધવચ્ચે અભ્યાસ છોડે છે.

અપવ્યય અને સ્થગિતતા શિક્ષણ ક્ષેત્રે વધતી રહે છે. ત્યારે તમે આ અમૂલ્ય સમયનું જતન કરી ભણવાની સાથે પૂરક રોજગારી મેળવી પગભર થઈ કુટુંબને મદદરૂપ બનો, નકામી બાબતોથી દૂર રહો... સ્વપરિશ્રમથી રળેલા રૂપિયાનું મૂલ્ય અને મીઠાશ સમજી માણો...! વડિલો પણ પોતાના બાળકને એવા કોર્સમાં મોકલે કે જેથી સમય અને નાણાંનો વ્યય ન થાય. મિત્રો...! લાંબા વેકશનની મધુર પળો સમજપૂર્વક વ્યતિત કરવા આયોજનબધ્ધ કાર્યક્રમ બનાવો જેથી આનંદની સાથે જીવન ઘડતરનો પાઠ પાકો કરી શકાય.

- : **સ્પર્શમણિ** : -


જીવન એટલે સમય અને સમય એટલે જીવન. તમે જો બીજાની કુથલી કરવામાં મિનિટો અને કલાકો ગુમાવતા હશો, નિરર્થક ગપ્પાં મારવામાં અને નિંદાખોરીમાં સમયને બદબાદ કરતા હશો, તો તમે તમારી જાતને લૂંટનાર નીવડશો, તમારો ઘણો સમય કિંમતી છે. એ વીતી ગયો પછી પાછો મેળવી શકવાનો નથી માટે જ સમયને સમાવી લો.

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૮મી મે**

**કવિવર રવીન્દ્રનાથ ટાગોરની જન્મતિથિ**



ગુરુદેવ, કવિવર, ભારતરત્ન રવીન્દ્રનાથ ટાગોરનો જન્મદિન ૮-૫-૯૨. આ સર્જક - ચિત્રકારને નોબેલ પારિતોષિક મળ્યું, શાંતિનિકેતન સંસ્થાની સ્થાપના કરી વિશ્વ ભારતી વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરી ૭-૮-૧૯૫૧માં તેમનું અવસાન થયું.

- ૧૯૩૩ની ૮મી મેથી હરિજનો પ્રત્યેનો અમાનવીય હાડમારીઓ નિવારવાના હેતુસર મહાત્મા ગાંધીએ ૨૧ દિવસના ઉપવાસ શરૂ કર્યા.
- 'ઓલિયા જોષી' વિનોદી સાહિત્યકાર જગજીવનદાસ કોગરીનો જન્મદિન - ૧૮૭૭.
- મેડમ બ્લેવેટ્સ્કી - થીઓ સોફીકલ સોસાયટીના આદ્યસ્થાપકનું અવસાન - ૧૮૯૧.

# કરૂણ પ્રશસ્તિ એટલે કોઇ સ્વજનનું મૃત્યુ થયું હોય અને એમની પાછળ એમના ગુણગાન ગાતી કવિતા રચવામાં આવે તેને કરૂણ પ્રશસ્તિ કાવ્ય કહેવામાં આવે છે

## મધ્યાહ્નને સૂર્યાસ્ત...


અણધાર્યા આઘાત આવી જાય એવું કોને ગમે? જયારે કારમો ઘા ઘરમાં આવે ત્યારે તેને સહન કરવો. પરિવારના સૌ કોઇ માટે આકરો થઈ પડે છે. જે પિતાનો એક કંધોતર પુત્ર આકસ્મિક વિદાય લે ત્યારે તે હૃદય દ્રાવક ઘટના શબ્દમાં વર્ણવવી અવાચક થઈ ગયેલા માતપિતા માટે અશક્ય, અસહ્ય અને અકથ્ય બની જાય છે.

એકના એક પુત્રના અવસાનની ઘટનાઓ તો નજર સામે એટલી બધી છે કે, જયારે - જયારે આવી ઘટના ઘટે છે, ત્યારે કુદરત સામે સહજ પ્રશ્ન થઈ જાય છે કે, આવું શા માટે થાય છે? પણ થાય છે, થાય છે ને થાય છે. એમાં મારું તમારું કોઈનું ગણિત કામ આવતું નથી.

પરિવારમાં જ કારમી ઘટના ઘટી છે. રાત્રિના બે વાગ્યા હતા. ફોનની ઘંટડી રણકી. ઘનશ્યામભાઈએ ફોનમાં કહ્યું : 'ભાઈ, તમે બંને રાજકોટથી અત્યારે જ ભાવનગર આવવા નીકળી જાવ. વજુભાઈનો દીકરો અમુલ હવે આપણો રહ્યો નથી.' કેમ મન માંને? હજુ પંદર દિવસ પહેલાં અમુલ સાથે ફોનમાં વાત કરી હતી. અમુલે કહેલું : 'કાકા, થોડી ખટાશ લાગી છે, બીજું કાંઇ નથી.' થયું કે અરેરે, હાડી-ડાહી વાતો કરનારા અમુલને અમે બચાવી ન શક્યા?'

અમુલ પડછંદ, ઊંચો અને પંજાદાર બત્રીસ વર્ષનો યુવાન હતો. મોટાભાઈ વ્રજલાલભાઈનો એકનો એક દીકરો હતો. મહેનતું, માયાળુ પણ એટલો જ. બત્રીસમાં જન્મ દિવસના બીજા જ દિવસે અવસાન?

તેના ફૂલ જેવા બે બાળકો. જય ને પાંચ ને ઋષિ ત્રણ વર્ષ. પત્ની નેહલ માત્ર અઠ્ઠયાવીસ વર્ષના! અમૂલે ઈન્ટીરીયર ફર્નિચર કામમાં પોતાનું આગવું સ્થાન ઊભું કર્યું હતું. વ્રજલાલ ભાઈને લગભગ આરામ આપેલો. દિવાળીનાં દિવસો નજીક હતા. એક બંગલામાં ફર્નિચર બનાવવાનું કામ રાખ્યું હતું. કામ સમયસર પૂરું કરવાનું હતું. એટલે રાતપાળી ચાલતી હતી. બીજે દિવસે તેના સાથી જોડિયા કારીગરોએ રાત્રિના મહ્વાનો નાસ્તો કર્યો હતો. બીજે દિવસે સવારે અમુલને ફૂડ પોઈઝન - સાંધા જકડાઈ ગયા હતા. દસ-બાર દિવસમાં જિંદગી પાછી આવી દેવાની? કેમ શક્ય બને? પણ અમુલે સ્વર્ગની વાટ પકડી એટલે પકડી. તેમના માતુશ્રી નિર્મલાબહેન બેભાન, પથ્થર પીગળાવી દે તેવી સ્થિતિમાં વ્રજલાલભાઇ હિંમત રાખીને બોલ્યા હતાં કે, 'ભાઇ, હવે હું સાઇઠ વર્ષનો મટી બત્રીસ વર્ષનો



બની જઈશ. જય અને ઋષિને બરાબર ભણાવીશ.'

આ ઘટનાને અંહી એટલા માટે સાંકળી છે કે આવી હૃદયદ્રાવક પરિસ્થિતિમાં ઘરનાં સૂત્રધારને પૂરેપૂરા સ્વસ્થ રહી રચનાત્મક કાર્ય કરવું પડે છે.

કરૂણતાને ધ્યાને લઈ કવિ નરસિંહ રાવ ભોળાનાથ દિવેટીયાએ રચેલું વિશ્વ પ્રસિધ્ધ કરૂણ પ્રશસ્તિ કાવ્ય યાદ આવે જ. કરૂણ પ્રશસ્તિ એટલે કોઈ સ્વજનનું મૃત્યુ થયું હોય અને એમની પાછળ

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

એમના ગુણગાન ગાતી કવિતા રચવામાં આવે તેને કરૂણ પ્રશસ્તિ કાવ્ય કહેવામાં આવે છે.

કવિ નરસિંહરાવનો અઠ્ઠાવીસ વર્ષનો એકનો એક યુવાન પુત્ર મૃત્યુ પામે છે. ત્યારે કવિ સ્વસ્થતાપૂર્વક આ કારમા આઘાતને સહન કરી એમ કહે છે કે, 'મારો પુત્ર મૃત્યુ પામ્યો નથી. પરંતુ ઈશ્વરને ખોળે, ઈશ્વરના ધામમાં ગયો છે. હે ઈશ્વર, મારા શિશુને આપના ઉરમાં લ્યો. તિમિર નહીં, સર્વત્ર જયોતિ પ્રકાશ્યો હોય એવી સ્થિતિ જેમ કવિને પ્રતીત થઈ હશે. તેવી પ્રતીતિ આપણી જ્ઞાતિના અગ્રેસર ઋજુ હૃદયના દાનપુરૂષ શ્રી અમુભાઈ ભારદિયાને થઈ હશે. મને લાગે છે કે, શ્રી અમુભાઈએ કવિ અખાના નીચે પ્રમાણેના છપ્પાને બરાબર આત્મસાત કર્યો છે.'

સૂતર આવે ત્યમ તું રહે,
પણ જયમત્યમ કરી હરિને લ્હે;
વેશ-ટેક છે આડી ગલી પેઠો,
તે નવ શકે નીકળી
અખા કૃત્યને ચઢે કષાય રખે
તું કાંઈ કરવા જાય.

ઘરમાં યુવાન પુત્રનું અવસાન થયું હોય. અગિયાર દિવસ સુધી સતત રોક્કળ, આવનાર અનેક, દુઃખી થનાર એક. ક્રિયાકાંડના દિવસે સવારથી ચા પણ ન પીધી હોય અને ભૂખ્યા - તપસ્યા, રડતાં-રડતાં બપોરનાં બે વાગ્યે નબળાં, અતિ લાગણીશીલ, વળી કોઈ દર્દથી પીડાતા હોય, તેવા સ્ત્રી-પુરૂષો બેભાન થઈ જાય અને કોઈ અઘટિત ઘટના બની જાય ત્યારે શું? આવે સમયે સ્વસ્થ વડીલ, સ્ત્રી-પુરૂષ, ઈશ્વર ભજન, ધર્મ પ્રવચન, ધુન-કીર્તન અથવા મૃત્યુ વિશેનું સાહિત્ય આપી, વાત કરી વાતાવરણ થોડું હળવું ન બનાવી શકે? બાહ્ય ક્રિયાકાંડોમાં જડતા, ખોટી આર્થિક ખેંચતાણ, દેખાડા કરતાં ક્રિયાકાંડની રકમમાંથી આર્થિક રીતે પછાતને, વિધવાને, કારીગરને મદદરૂપ થઈએ તો મૃત્યુ પામનાર વ્યક્તિ હરહંમેશ વિધવા, વિદ્યાર્થી અને હૃદયમાં અમર થઈ જશે.

(અનુસંધાન પાના નં. ૭ પર)